
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જુન, ૨૦૨૨ Vol. 16 No. 6

# લો....શરદ પવાર નાસ્તીક નથી !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# રેશનલ ચળવળ

(૧) રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત ગોધરાના ડો. સુજાત વલીની આગેવાનીમાં હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી અને લોકવીજ્ઞાન કેન્દ્ર દ્વારા નીચે દર્શાવેલ વેબીનાર યોજાયા હતા. મહદ્ અંશે તેનો સમય બુધવારે રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ નો હોય છે. તમારે એમાં ભાગ લેવો હોય તો અવીનાશ મીસ્ત્રી (મો.-૮૪૦૧૩ ૦૩૦૦૦) નો સંપર્ક કરવો. (સુ.)

| તારીખ | વીષય | |
|---|---|---|
| ૦૯-૩-૨૨ | મહાન કુદરતી શકતી | જુથ ચર્ચા |
| ૧૬-૩-૨૨ | માન-સન્માનની-રીતો | જુથ ચર્ચા |
| ૨૩-૩-૨૨ | વર્ણવ્યવસ્થા | જુથ ચર્ચા |
| ૩૦-૩-૨૨ | વર્ણવ્યવસ્થા | જુથ ચર્ચા |
| ૦૬-૪-૨૨ | વર્ણવ્યવસ્થા | જુથ ચર્ચા |
| ૧૩-૪-૨૨ | બાળ મજુરી | મુખ્ય વકતા : મનીષી જાની |
| ૨૦-૪-૨૨ | બાળ મજુરી | જુથ ચર્ચા |
| ૨૭-૪-૨૨ | મહીલાવાદ (Feminism) | જુથ ચર્ચા |
| ૦૪-૫-૨૨ | મહીલાવાદ (Feminism) | મુખ્ય વકતા : નીતા હાર્દીકર |
| ૧૧-૫-૨૨ | મહીલાવાદ (Feminism) | મુખ્ય વકતા : સરુપબેન ધ્રુવ |
| ૧૮-૫-૨૨ | ઉપરાંત, ફળજયોતીષ અને ગ્રહ નડતર અને | જે. કે. સુથાર |
| ૨૫-૫-૨૨ | જ્યોતીષ ગ્રહ નડતર અને કાનુન | જુથ ચર્ચા |
| ૦૧-૬-૨૨ | શીક્ષણ પદ્ધતીમાં ધર્મગ્રંથો ! | મુખ્ય વકતા : મનીષી જાની |

પીયુષ જાદુગર, અશ્વીન કારીઆ

(૨) **–રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની** હેઠળના વીજ્ઞાન જાથાએ ગુજરાતના રાજયકક્ષાના મંત્રી અરવીંદ રૈયાણી અને એમના પરીવારના જાહેરમાં અંધશ્રદ્ધા અને અવૈજ્ઞાનીકતા ફેલાવવા બદલ પોતાનો વીરોધ કર્યો હતો. ગુજરાત સરકાર સમાજમાં અવૈજ્ઞાનીક ફેલાવવા રાત-દીવસ કામ કરે છે. આથી

 **(અનુ. ટા.–૩ ઉપર )**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**

**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીયા**

**૧૫ જુન, ૨૦૨૨** **સળંગ અંક : ૩૬૭** **Vol. 16 No. 6**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


## લો...શરદ પવાર નાસ્તીક નથી !

**–સુર્યકાન્ત શાહ**

છેલ્લાં સાત-આઠ વર્ષથી આપણા દેશમાં જોરદાર અભીયાન ઉપડયું છે કે જે હેઠળ વીજ્ઞાન, વૈજ્ઞાનીક અભીગમ, નાસ્તીકતા અને રેશનાલીઝમને સતત બદનામ કરવામાં આવે છે. વીજ્ઞાન અને ટેકનોલોજીના ઉત્તમ ઉદાહરણ જેવા રાફેલ વીમાનને ઉડાડતા પહેલા આપણા મંત્રીઓ કંકુ-ગુલાલ છાંટે છે, અને નારીયેળ ફોડે છે. હીટલરને પણ ભુલાવે એવા અવૈજ્ઞાનીકતાના પ્રચાર હેઠળ આપણી પ્રજા ધીરે ધીરે મુઢ થવા માંડી છે. આ પ્રચારકો ધર્મ અને કોમવાદના નામે દેશનું વીભાજન થાય તે હદ સુધી ધીક્કારને ફેલાવે છે. ધીક્કારને સતત જીવતો રાખવા માટે વૈજ્ઞાનીક અભીગમવાળાની ડાહી ડાહી વાતો એમના અભીયાનમાં રોડા નાંખતી હોય છે. સત્તાપ્રાપ્તી માટે હમણાં તો ધીક્કાર સરીયામ રસ્તો બની ગયો છે.

એક એવી પરીસ્થીતી પેદા થઈ છે કે રાજકારણમાં પ્રવેશવું હોય કે ટકવું હોય તો તે વ્યકતીએ પોતે વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી નથી પોતે અવૈજ્ઞાનીકતાને પુરો ટેકો આપે છે, પોતે ખસુસ નાસ્તીક નથી અને રેશનાલીઝમ શું છે એની પોતાને ખબર જ નથી તેવી જાહેરાતો કરવી પડે છે, વારંવાર કરવી પડે છે. જુઓને આપણા ગોપાળભાઈ ઈટાલીયા રેશનાલીઝમનું કામ કરતા કરતા એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો. ઈચ્છાએ કે અનીચ્છાએ

---

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

એમણે સાપ કાંચળી ઉતારે તેમ રેશનાલીઝમને પોતાના જીવનમાંથી ઉતારી નાંખવું પડયું. અવૈજ્ઞાનીકતાનાં કેન્દ્રો જેવાં સ્થળોએ જઈને મોટાં મોટા ઉત્સવોમાં એમણે ભાગ લેવો પડે છે !

આવી જ તવાઈ હમણાં મહારાષ્ટ્રના આગેવાન શરદ પવાર પર આવી. દુનીયા આખી જાણે છે કે મહારાષ્ટ્રમાં બીન-ભાજપી સરકારની રચનામાં પવારનો સીંહફાળો છે. તદ્‌ન વીરોધી વીચારધારા ધરાવતા પક્ષોને એમણે એકત્ર કર્યા છે. એમની હાજરી અને એમની કુશાગ્રતાને કારણે એ સરકાર ટકી રહી છે. ભાજપ તો વૈજ્ઞાનીક અભીગમ, નાસ્તીકતા અને રેશનાલીઝમનો સખત વીરોધી છે. એના પ્રચારથી પ્રજા પણ આ બાબતો પરત્વે પીઠ દેખાડીને બેસી ગઈ છે. પવાર કોઈ રીતે સાણસામાં આવતા નથી. તેથી ભાજપ અને એના કાર્યકરો તરફથી જાહેર કરવામાં આવ્યું કે પવાર તો 'નાસ્તીક' છે ! નાસ્તીકતા પરત્વે પ્રજાને એટલી બધી ચીઢ છે કે જો એકવાર પવારને 'નાસ્તીકતા' ની છાપ મારી દેવાય તો એ લોકનજરમાં ઉતરી જાય, એવી ભાજપ અને એના મળતીયાઓની કોશીશ હતી. ભાજપ આ પ્રમાણે જાહેરાત કરી શકે છે, અને એ જાહેરાતના પ્રતાપે પીઢ રાજકારણી પવારને પણ ઘેર બેસાડી શકાય એ ખ્યાલ જ આપણે રેશનાલીસ્ટોને સુચવે છે કે રાજકારણમાં ગયા વીના આપણા પોતપોતાના ખુણે રેશનાલીઝમનું જેટલું કામ થઈ શકે તે કરવા જેવું છે. અંદરથી કાર્યરત રહીને પ્રજાને જ પુનઃ વૈજ્ઞાનીક અભીગમ તરફ લઈ જવાનું કાર્ય કરવાનું છે. પવાર સમજી ગયા કે ભાજપ તરફથી ખેલાતો એ દાવ એમને 'વગાડી' જ જશે. આથી પવાર જેવા પવારે જાહેર કરવું પડયું કે પોતે નાસ્તીક નથી ! પવાર નાસ્તીક છે કે નહીં એ મુદ્દો અગત્યનો નથી. અગત્યનું એ છે કે એમણે પોતે નાસ્તીક નથી એની જાહેરાત કરવી પડે. એમની આ જાહેરાત જ સુચવે છે કે આપણે રેશનાલીસ્ટોએ ખુબ કામ કરવાનું છે, પરંતુ પુરા સાવધ રહીને.

---

**રેશનાલીસ્ટ થતા પહેલા નાસ્તીક થવું પડે.**

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો.નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# સુખનું સરનામુ

**–તંત્રી લેખ**

આજના યુગમાં ટીવી, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઈલ વગેરેનો અનોખો પ્રભાવ છે.કોમ્યુનીકેશન ક્ષેત્રે અદ્‌ભુત ક્રાંતી થઈ છે. દેશ દુનીયામાં બનતી કોઈપણ ઘટનાની ક્ષણભરમાં જાણકારી મળી જાય છે જે આપણી સામે સારુ-નરસુ, સત્યાસત્ય, શું કરવા જેવું-શેનાથી બચવા જેવું વગેરે મુકી આપે છે, જે અંધશ્રદ્ધા ત્યજી વૈજ્ઞાનીક અભીગમની દીશા તરફ જવાનો નીર્દેશ કરે છે. આવા સમયમાં પણ સમાજમાં બનતી ઘટનાઓ આપણને વીચારતા કરી મુકે છે. હજુ પણ સમાજમાં અંધશ્રદ્ધાના અંધકારમાં ડુબેલો એવો વર્ગ છે જેની ઉપર આપણને દાઝ પણ ચઢે છે અને દયા પણ આવે છે. વર્તમાનમાં બનેલી ઘટનાઓમાં ગ્રીષ્મા ફેમીલ કેસમાં મુળમાં તો અંધશ્રદ્ધાના અસંસ્કાર જ છે. અંધશ્રદ્ધામાં ફસાયાનો આઘાત આપઘાતમાં પરીણમે છે. તેવી એક ઘટના માર્ચ-૨૦૨૨માં કતારગામમાં બની. એક ૫૫ વર્ષની મહીલાને સીંગણપોરના ખુશાલ નામનો ભુવો બેન બનાવીને પોતાના પ્રભાવથી મોહીત કરે છે. આ મહીલાનાં નાણાં ડબલ કરી આપવાની લાલચ આપી તેની પાસેથી ૬ લાખ હજમ કરી ફરાર થઈ જાય છે. તેણે માતાજીએ આપેલ સીકકો મહીલાને કબાટમાં મુકી કબાટ ન ખોલવાની આજ્ઞા કરી હતી. ભુવો ગાયબ થઈ જતાં કબાટ ખોલીને જોયું તો કબાટ ખાલીખમ ! આપણું દીમાગ ખાલીખમ હોય ત્યારે આવી છેતરપીંડીનો ભોગ બનવું પડે છે.

હમણાં એક એવું તારણ પણ જોવા મળ્યું કે જે પ્રજા વધુ પડતી ધાર્મીક કે અંધશ્રદ્ધાળુ હોય તે સુખી કે આનંદીત નથી હોતી. આંતરરાષ્ટ્રીય સ્તરે હેપીનેશ ઈન્ડેક્ષ નકકી થાય છે. તેમાં વીશ્વના ૧૪૬ માંથી ભારત ૧૩૬ માં ક્રમે છે. પ્રથમ ક્રમે ફીન્લેન્ડ ૭૮૪ રેન્ક છે. જયારે ભારતનો રેન્ક ૩.૮ જ છે. થીંક અગેનના એક રીપોર્ટ પરથી આ જાણી શકાય તેમ છે. લોકોને ચીંતાનું કારણ પુછીએ તો જાણવા મળે છે કે ૪૦% કારણ જે ઘટના કે બાબત બની જ નથી તેનું છે. ૩૦%નું કારણ ભુતકાળમાં બનેલી ઘટનાનું જોવા મળે જે બદલી શકાય તેમ નથી. ૧૨% આરોગ્યલક્ષી કારણ છે. ૧૦% ફાલતુ બાબતોનું કારણ છે અને બાકીના ૮% માં ૪%નું નીવારણ જ ન થઈ શકે તેવું છે.

અંધશ્રદ્ધા-અજ્ઞાનતાથી કે અન્ય કોના પ્રભાવમાં રહીને કે કામ વગરની ચીંતા કરીને આનંદ અને સુખનું અનુભુતી થઈ શકે નહીં. વૈચારીક સ્વતંત્રતા જ આપણને નીજાનંદ કરાવી શકે. અંતે કવી મનસુખ નારીયાના એક શેર સાથે વીરામ...

કયાંયે નથી જવુ તો, રસ્તા વીશે ન પુછો,
કારણ વગરના પ્રશ્નો પડતા અહીં જ મુકો.

---

પુંછડા દબાવીને સંસાર છોડીને ભાગી ગયેલા અને જેમણે વર્ષો સુધી બીજા માણસોની આસ્થાનો દુરુપયોગ કરીને માત્ર સેવાઓ જ લીધી છે અને કંઇ દેહીક પરીશ્રમ કર્યો નથી કે એક કાગળની હોડી બનાવવા જેટલું પણ સર્જન કર્યું નથી કે એવું સર્જન કરીને એક બાળકને એ હોડી ખાબોચીયામાં વહાવવાનો આનંદ પણ આપ્યો નથી એ કાપુરુષો, બાવાઓ, સત્યના લીલામગરોને હું સમાજવીરોધી તત્ત્વો કે એન્ટી-શોસીયલ એલીમેન્ટ્સની લાઇનમાં મુકું છું. ('બહુવચન' પુસ્તકમાંથી)

**–ચંદ્રકાંત બક્ષી**

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડા ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઇટલ પર વાચકોને જણાવવામાં આવે Auf u%a; gttl JtUKt^ www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# ભારતમાં નરબલીની પ્રથા

**–પ્રવીણ ગઢવી**

આદી માનવ સમાજમાં પ્રથમ પીતૃઓને,પછી દેવોને પ્રસન્ન કરવા અને દુર્ગ, પ્રાસાદ આદીનું શત્રુથી રક્ષણ કરવાના હેતુથી નરબલી અપાતો. મોટે ભાગે ગુલામો, કેદીઓ અને પરજીત સૈનીકોનો બલી કર્મકાંડ સાથે અપાતો. ઈજીપ્ત અને માયા સંસ્કૃતીમાં એનું બહુ મહામત્મ્ય હતું. યહુદી ધર્મમાં ઈબ્રાહીમ પોતે રાખેલ માનતા અનુસાર પોતાના પુત્રનું બલીદાન આપવા ગયો ત્યારે અલ્લાહે તેને રોકયો, અને ઘેટાના બલીથી સંતોષ માન્યો. મુસ્લીમો એને બકરી ઈદ તરીકે ઉજવે છે. એનો એવો અર્થ કરી શકાય કે ઈબ્રાહીમે નરબલી બંધ કરાવી પશુબલી શરુ કરાવ્યો.

વેદોમાં પુરુષમેઘ શબ્દ છે, પરંતુ પુરુષમેઘ-નરમેઘ થતા હોવાના ચોકકસ પુરાવા મળતા નથી. આમ છતાં આદી આર્યોમાં નરમેઘની પ્રથા હોવાની શકયતા નકારી ન શકાય. કેમ કે ઋગ્વેદના ખુબ જ 'કુખ્યાત' પુરુષ સુકતમાં કહેવાયું છે કે-

યત્પુરુષેણ હવીષા દેવા યજ્ઞ-મતન્વત ।
વસંતો અસ્યાસીદયજયં ગ્રીષ્મ ઈદમઃ શરદ્ધવી ॥

અર્થાત્ જયારે (તે) પુરુષને હવીષ તરીકે લઈને દેવોએ યજ્ઞ કર્યો ત્યારે વસંતરુતુ તેનું ઘી (આજ્ય) બની હતી. ગ્રીષ્મ સમીધ બની હતી અને શરદ ઋતુ હવીષ બની હતી.

વીરાટ પુરુષના હવીષમાંથી વળી પાછો એક પુરુષ પેદા થયો, તેનું મુખ બ્રાહ્મણ, ભુજાઓ રુષીઓ, જંઘા વૈશ્યો થયા અને 'ચરણોમાંથી શુદ્રો જન્મયા.' આમ પ્રક્ષેપીત પુરુષ સુકતથી વર્ણાશ્રમ પ્રથા શરુ થઈ, અને શુદ્રોને અસ્પર્શ્ય બનાવ્યા.

ભલે બધું કાલ્પનીક અને ન સમજાય તેવું લાગે કેમ કે દેવોની વાણી તો અસ્પષ્ટ જ હોય ને ! ગ્રીસમાં ડેલ્ફીન ઓરેકલ આવું જ અગડં બગડં બોલતી. પછી તેના વીવીધ અર્થો કાઢવામાં આવતા. બુદ્ધ સીવાય લગભગ બધા ધર્મોની વાણી ગુઢ, રહસ્યમય (અર્થાત્ ન સમજાય તેવી) છે.

પુરુષનો હવીષ થતો એટલું તો સમજાય છે. એથી વીશેષ વેદોમાં નથી, પરંતુ મહાભારત, દેવી ભાગવત અને ભાગવતમાં શુનઃશેપની નરબલીની કથા મળી આવે છે.

ગાંધીજી જેને સત્યવાદી માનતા હતા, તે રાજા હરીશ્ચંદ્રને કોઈ સંતાન ન થતાં તેણે વરુણ દેવની અઘરી બાધા રાખી કે જો પુત્ર થશે તો તેનો બલી આપીશ. દેવકૃપાએ (કે

સંજેગોવશાત્) કાકતાલીય ન્યાયે એને રોહીત નામે પુત્ર થયો. વરુણે ભોગ માંગ્યો, ત્યારે હરીશ્ચંદ્રે રોહીતને દાંત ફુટે ત્યારે ચુડા કર્મ થાય ત્યારે, ઉપવીત સંસ્કાર થાય ત્યારે એમ બહાનાં બતાવ્યાં. કેમ કે એક માત્ર પુત્રનો બલી આપવો કોઈ પણ પીતા માટે સહેલો નથી. પુત્ર-પ્રેમને કારણે હરીશ્ચંદ્ર બલી ટાળતો રહ્યો. મોટા થતા રોહીતે પણ પોતાના ભવીષ્યમાં થનારા પોતાના બલીની ખબર પડતાં તે જંગલમાં નાસી ગયો. વરુણ કોપાયમાન થયા અને હરીશ્ચંદ્રને જલંદરનો રોગ કર્યો (કે બનવા કાળે થયો), રોહીતે એક ગરીબ બ્રાહ્મણ અજીગર્તને સાધ્યો. તેને ત્રણ પુત્ર હતા. તેમાંના વચેટ શુનઃશેપને પોતાના બદલે બલી આપવા સંમત કર્યો. બદલામાં અપાર ધન રાશીની લાલચ આપી.

સત્યવાદી હરીશ્ચંદ્ર (?) અન્યના બ્રાહ્મણ પુત્રની બલી આપવા સંમત થઈ ગયો. યજ્ઞ યોજયો. વીશ્વામીત્રને હોતા બનાવ્યા. શુનઃશેપને વધ સ્તંભ (યુપ) સાથે બાંધ્યો, ત્યારે તે રડવા લાગ્યો, એણે વધ કરવાની ના પાડી. તો શુનઃશેપના પીતા અજીતગર્તને વધુ ધનની લાલચ આપી વધ માટે હરીશ્ચંદ્રએ તૈયાર કર્યો. એ વધ કરવા જતો હતો, ત્યાં વીશ્વામીત્રે આખરી ઘડીએ એને રોકી લીધો, અને શુનઃશેપને બચાવી લીધો કેમ કે તે બ્રાહ્મણ પુત્ર હતો ! વીશ્વામીત્રે તેને દત્તક લીધો, અને દેવરાત નામ આપી રુચાકાર બનાવ્યો. વરુણ દેવને મનાવી લીધા. આમ નરબલી થતાં થતાં રહી ગયો ! તો આવો હતો ગાંધીજીનો પ્રીય સત્યવાદી હરીશ્ચંદ્ર !

ભાગવત (૫/૯/૧૭)માં વધુ એક નરમેઘની કથા જોવા મળે છે. જડભરત નામે એક બ્રહ્મકુમાર હતો. પુર્વાવતારમાં તે હરણ હતો, અને તેના ય પુર્વાવતારમાં પ્રીયવ્રત વંશના રુષભદેવ રાજાના સો પુત્રમાંનો મોટો પુત્ર ભરત હતો. પછી તે રાજા થયો, અને ઉંમર થતા સન્યાસ સ્વીકારી વનમાં તપ કરવા જતો રહેલો. ત્યાં એક હરણના બચ્ચા પર પ્રીતી થવાથી મૃત્યુ સમયે એમાં જીવ રહી ગયેલો, તેથી હરણ થયો. પુરાણીઓએ ખરેખર થઈ ગયેલા ચંદ્રગુપ્ત કે સમુદ્રગુપ્ત જેવા મહારાજાઓની વંશાવલી સાચવી નથી, પરંતુ કપોળ-કલ્પીત પુર્વાવતારોની આવલી સાચવી છે ! આ જડભરતને એક લુંટારો કાલીકાને બલી ચઢાવવા ઉઠાવી ગયો, અને વધ કરવા જતો હતો, ત્યાં કાલીકા માએ પ્રગટ થઈ તેને બચાવ્યો, કેમ કે તેય બ્રાહ્મણપુત્ર હતો !

રાજાઓ કીલ્લા બનાવતા ત્યારે એના મુખ્ય દરવાજા પાસે જ શુકન કે દુર્ગના રક્ષણના હેતુથી શુદ્રનો વધ કરતા એવું મધ્યકાલના કીલ્લાઓને અવલોકતા જોવા મળે છે.

તે દરવાજો 'ભંગી દરવાજા' તરીકે ઓળખાતો ! એ જ રીતે વાવ કુવામાં પાણી આવે તે માટે નરબલી આપવાની પ્રથા હતી. તેની ઘણી લોક-કથાઓથી ખ્યાલ આવે છે. આ ઉપરાંત બાળક ન થાય, તો કોઈના બાળકનો બલી ભુવાઓ દ્વારા અપાય છે. અવારનવાર આવી ઘટનાઓ બનતી જોવા મળે છે.

મધ્યકાલીન ગુજરાતમાં સીદ્ધરાજનું શાસન હતું, ત્યારે પાટણ નગરને પીવાનું પુરતુ પાણી મળી રહે તે હેતુથી સરસ્વતી પર આડબંધ બાંધી જુના દુર્લભ સરોવરને વીસ્તીર્ણ કરીને સસહસ્ત્રલીંગ સરોવર તૈયાર કરવામાં આવ્યું. તેમાં તો નદીમાંથી જ પાણી આવવાનું હતું, તેથી વાવ-કુવાની જેમ સરવાણી ફુટવાનો પ્રશ્ન નહોતો, તેમ છતાં કર્મકાંડી બ્રાહ્મણોએ દલીત નરબલી કરવાનું સુચવ્યું. તો દલીત વીર માયો સ્વયં બલીદાન આપવા તૈયાર થયો., પોતાના બલીદાનના બદલામાં એણે હવે પછી દલીતોની છાતી પર થુંકવા, લટકતી કુલડી, પગલાં-પડછાયો ભુંસવા, પુંઠે લટકતી સાવરણી દુર કરવા. દલીતોને ગામમાં વસાવવા, દલીતોને બ્રાહ્મણ અને બારોટ આપવા વગેરે શરતો કરી, તે સીદ્ધરાજે સ્વીકારી અને વીર માયાએ સ્વયંનું બલીદાન આપ્યું. તે કથા દલીત સમાજમાં લોકપ્રીય છે. દલીતોને સર્વપ્રથમ સ્વમાન અને અધીકાર અપાવનાર વીર માયો જ્યોતીર્ધર હતો અને પુરાણોની ભાષામાં કહીએ તો તે બાબાસાહેબ આંબેડકરનો પુર્વાવતાર હતો.

હવે સદ્ભાગ્યે નરમેઘ-નરબલી અપાતા યજ્ઞ તો નથી થતા, પરંતુ હજીય લોકોની અંધશ્રદ્ધાનો દુરુપયોગ કરીને ભુવાઓ બાળકોનો બલી ચઢાવે છે તે અત્યંત દુઃખદ અને ધૃણાસ્પદ છે.

---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો.

# અરે ! મારા મીત્ર, તું તો ચાર નાસ્તીક છે

**–બીપીન શ્રોફ**

આપણને બેને કદી બનશે નહી. એક છે ઉત્તર ધ્રુવ અને બીજો છે દક્ષીણ ધ્રુવ. આવા એકદમ તારણ પર આવતાં પહેલાં તું કહે તો ખરો કે નાસ્તીક વ્યકતી કેવી હોય છે. સમાજમાં અરસપરસના વ્યવહારોમાં આ નાસ્તીક માણસોના સંબંધ કેવા હોય છે ? આપણા દેશની સવા અબજની વસ્તીમાં આ નીરીશ્વરવાદીઓની સંખ્યા કેટલી છે કે જેનાથી તમે આટલા બધા ગભરાવ છો શા માટે ? તેઓનાં ખુન અને હત્યા કરવા કેમ મેદાને પડયા છો ? રાજકીય રીતે તેમનો કોઈ પક્ષ છે ? તેમના ચુંટાયેલા એમ. એલ. એ. કે એમ. પી કેટલા છે ? શું તેઓ કોઈ મોટા ઉદ્યોગપતી છે ? દેશમાં તેમના કેટલા નાસ્તીક સંગઠનો ગ્રામ, તાલુકા, જીલ્લા, રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ છે, જેના વ્યાપ કે વીસ્તારથી તમે આટલા બધા ધુંઆફુંઆ થઈ ગયા છો ?

પણ મને ખબર છે તેમના વીચારો અને કાર્યો પેલા જાપાનમાં નાગાસાકી અને હીરોશીમા પર પડેલા એટમબૉંબ કરતાં પણ વધારે સ્ફોટક છે. અમેરીકામાં આ નાસ્તીકો જુદાં જુદાં નામે સંસ્થાઓ સ્થાપીને પોતાની પ્રવૃત્તીઓ કરે છે. અમેરીકાની બધી જ જુદાં જુદાં ફાંટાવાળી ખ્રીસ્તી ધર્મની બધી સંસ્થાઓએ તેમને ઓળખવા માટે ધર્મનીરપેક્ષ માનવવાદીઓનું (SECULAR HUMANIST) એક લેબલ મારેલું છે.તેઓની આ માનવવાદી ચળવળને અમેરીકન ધાર્મીક રૂઢીચુસ્તોએ 'MOST DANGEROUS AND INFLUENTIAL INTELLECTUAL AND ANTI-RELIGIOUS MOVEMENT IN USA IN 21ST CENTURY.' ઓળખાવી છે. કેમ ?

(૧) તેઓને ઈશ્વરની મદદ સીવાય દરેક સજીવની ઉત્પતી, સંવર્ધન અને વીકાસ વીજ્ઞાનની મદદથી થયાનું સમજાયુ છે. તેને ખુબ જ મોટા પ્રમાણમાં વૈશ્વીક સ્તરે સ્વીકૃતી મળતી રહી છે. આવાં ધર્મનીરપેક્ષ સંશોધનો, રીસર્ચ અને શોધખોળોની મદદથી જ આપણે બધા ૨૧મી સદી સુધી પહોંચ્યા છીએ.

(૨) બાયબલ, કુરાન અને ગીતા કે રામાયણનાં ઉપદેશો અને તથ્યોનો ખુબ વૈજ્ઞાનીક જ્ઞાન આધારીત બારીકાઈથી અને ઉંડાણથી અભ્યાસ કરીને તે બધા જ ધર્મગ્રંથોની મર્યાદાઓને પ્રકાશીત કરી છે. તેમાંથી બોધપાઠ લઈને ધર્મ અને ઈશ્વરના આધાર સીવાયની નૈતીકતાનો ટેકો લઈને રેશનાલીસ્ટો પોતાનું જીવન જીવે છે.

(૩) નાસ્તીકોના ધર્મનીરપેક્ષ નૈતીક વ્યવહાર (SECULAR MORALITY) નો આધાર તેની તર્કવીવેક શકતી (રેશનાલીટી)માં સમાયેલો છે. તેની નૈતીકતાનો આધાર

ઈશ્વરી ભય, મૃત્યુ પછીનાં પાપ-પુણ્ય, પુર્વજન્મ-પુનઃજન્મ કે ઈશ્વરના પૃથ્વી પરના એજન્ટો નકકી કરતા નથી.

(૪) માનવીય રેશનાલીટી કે તર્કવીવેક શકતીનું સર્જનમાં કશું દૈવી કે ઈશ્વરી નથી, પણ તેનું સર્જન દરેક સજીવની જીવવા માટેની અદમ્ય ઈચ્છા તથા કુદરતી પરીબળોના નીયમોની સમજમાંથી પેદા થયેલ છે. આવી રેશનાલીટી અન્ય સજીવો કીડી, હાથી, સીંહ વ. માં પણ જોવા મળે છે. માનવીના નૈતીક વ્યવહારની જરુર મર્યા પછી સ્વર્ગ, મોક્ષ કે જન્નત માટે બીલકુલ જરુરી નથી. કારણ કે તે બધુ વાસ્તવીક આધાર વીનાનું કાલ્પનીક કે તરંગી છે. રેશનલ નૈતીક વ્યવહારની જરુર અહીંયા સારૂ, સુખી અને સમૃધ્ધ જીવન જીવવા જરુરી છે.

(૫) આમ, ધર્મનીરપેક્ષ માનવવાદીઓ, નાસ્તીકો, નીરીશ્વરવાદીઓ અને સંશયવાદીઓના જીવનના પાયાના ત્રણ આદર્શો છે : એક વર્તમાન જીવનને જ મહત્ત્વ, બે બીનશરતી સ્વતંત્રતા (unconditional freedom) અને ત્રણ, આ જીંદગીમાં જ સુખ (તે ભૌતીકવાદી પણ ભોગવાદી કે આધ્યાત્મીક નહીં) મેળવવા યથાર્થ પ્રયત્ન (Life, Liberty, and Pursuit of Happiness) કરવો.

(૬) માનવ સહીત કોઈપણ સજીવનું આ જીવન એક જ જીવન છે. તેના પહેલાં કોઈ જીવન હતું નહીં, અને મૃત્યુ પછી પણ કોઈ જીવન નથી. તેથી જે કોઈ સર્જન આ દેશ અને દુનીયામાં છે તે માનવીય પ્રયત્નોની ભૌતીક સુખની જરુરીયાતમાંથી પેદા થયું છે. કુટુંબથી માંડીને જુદાજુદા સામાજીક, ધાર્મીક, રાજકીય કે આર્થીક જુથોની રચનાઓ હોય તેમાં માનવીની જરુરીયાત પ્રમાણે સુધારો, વધારો કે ફેરફાર કરવામાં આવે તેમાં કશું અનૈતીક, અધાર્મીક કે ઈશ્વરની મરજી વીરુધ્ધનું કેવી રીતે કહેવાય ? માનવીને સુખ, આનંદ, મોજ માટે માનવીય સંબંધો બનાવવાના હોય છે. મૃત્યુ પછીના જીવન માટે નહીં. માનવી તરીકે જીવવું એટલે આનંદ માટે ભૌતીક સુખ માટે જીવવું. પણ સુખ અંકરાંતીયા, બેફામ કે શરીરને નુકસાન કરે તે રીતે પોતાને કે અન્યને નુકસાન પહોંચાડે તેવી જીવન પધ્ધતીમાં રહેલું નથી.

(૭) આત્મા અને શરીર બે જુદી ચીજ હોય તેમ કોઈ રેશનાલીસ્ટ સ્વીકારતો નથી. માનવ મન કે હ્યુમન બ્રેઈન તે ભૌતીક શરીરનો એક ભાગ જ છે. માનવીય સભાનતા કે ચેતના શરીરના ભૌતીક નાશ સાથે જ પામે છે. તેથી માનવીય યાદશકતી પણ ભૌતીક નીપજ છે. જે ભૌતીક શરીરના નાશ સાથે નાશ પામે છે. આ માનવ જીવન સહીત જે કાંઈપણ છે તે બધું જ ભૌતીક છે, અને તેને માનવીય બુધ્ધી કે સમજથી સમજાવી શકાય તેમ છે. કદાચ કોઈ બનાવ, કોયડો કે પ્રસંગ આજની માનવીય સમજ પ્રમાણે ન સમજાવી શકાય તેનો અર્થ એવો નથી કે તેમાં કશું દૈવી કે ઈશ્વરીય છે અને માનવીય ઈન્દ્રીય સમજ,

અનુભવથી પર છે. આવતી કાલે માનવીય સર્જનની નવી શોધખોળોથી તે બધા પ્રશ્નો પણ ચોક્કસ ઉકેલાઈ જશે. માનવ સંશોધન તો એક સતત ચાલતી પ્રક્રીયા છે.

(૮) આવા માનવવાદીઓના અંગત અને ટકી રહેવામાં કોઈ હરીફાઈ, સત્તા, માલીકીભાવ, ઉંચનીચ, કાળાગોરા અથવા તો બીજી કોઈ નીજી ખેવના ખુલ્લી કે પ્રછન્ન હોતી નથી. આ સંબંધો ફકત અને ફકત માનવીય હોય છે. તે માનવીય અનુકંપાથી છલોછલ ભરેલા હોય છે. તે માનવીય હોવાથી તે જ્ઞાતી, જાતી, ઉંચનીચ, કાળાગોરા, ધર્મ, સંપ્રદાય, પ્રદેશ કે લીંગભેદના તફાવતો, ભાવનાત્મક અને વાસ્તવીક રુકાવટોથી બીલકુલ સો જોજન દુર હોય છે.

(૯) ધર્મનીરપેક્ષ માનવવાદી વીચારો અન્ય સાથે રજુ કરવાનો અભીગમ અને પ્રયત્નો બીલકુલ જ્ઞાન આધારીત શાંતીમય, સહકારમય અને એકબીજાનું ગૌરવ જળવાઈ રહે તે પ્રમાણેના હોય છે. તેમાં કશું સંઘર્ષમય કે ઉગ્રપણું હોતું નથી કારણ કે સામા માનવીને પણ જ્ઞાન આધારીત સમજાવવામાં આવે તો તે પણ પોતાની રેશનાલીટીથી નૈતીક રીતે સારું શું કે ખોટું શું તેનો નીર્ણય કરી શકવા સક્ષમ હોય છે.

## માણસ ક્યાં ટુંકો પડે છે ?

હોકીંગ પુસ્તકોનું મહાત્મ્ય ગાતા જણાવે છે કે પુસ્તકમાં એક વાર જે માહીતીનો સંગ્રહ થાય છે તે માહીતીને વહેતા સમયની સાથે અદ્યતન કરી શકાય છે. પુસ્તકમાંથી મુળ માહીતી સ્વીમીંગ પુલ પરના સ્પ્રીંગ બોર્ડનું કામ કરે છે. ત્યાંથી કુદકો મારીને માહીતીનું સતત સંવર્ધન થતું હોય છે. માણસની ઉત્ક્રાંતી વાનરથી શરુ નહીં કરીએ અને જરા આગળ વધીને કમ્મરથી પહેલી વાર ઉભા થયેલા માણસ સામે આજના માણસની સરખામણી કરીએ તો આપણા ડીએનએમાં જે માહીતીનો સંગ્રહ થયો હતો તેને આજે સરખાવીએ તો લાખો વર્ષ બાદ તે માહીતીનું જે અદ્યતનીકરણ થયું તે થોડાક લાખ બીટ્સ જેટલું છે. એ હીસાબે ગણીએ તો માણસનું જૈવીક માહીતી અદ્યતનીકરણ એક વર્ષ એક બીટ જેટલું ગણાય. તેની સામે માત્ર અંગ્રેજી ભાષામાં દર વર્ષે સરેરાશ જે પચાસ હજાર પુસ્તકો પ્રસીદ્ધ થાય છે તેમાંના પુનરાવર્તનોને અને કશીયે માહીતીના મુલ્ય વીનાના લખાણને બાદ કરીએ તો પણ આ પુસ્તકોના દર વર્ષે નવા લાખો બીટ્સનો સમાવેશ થાય છે. જે આપણી ડીએનએની માહીતીમાં લાખો ગણી વધારે માહીતી આપે છે. આમ માણસે જ પેદા કરેલા પુસ્તકો, માણસના ડીએનએની માહીતી કરતાં માનવજાતને ઘણી આગળ લઈ જાય છે. આપણાં જ પુસ્તકો સમક્ષ આપણે ટુંકા પડીએ છીએ !

# બીન સાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા–૩

**–સુર્યકાન્ત શાહ**

એક ધાર્મીક ગ્રંથ તરીકે ગીતાનું હીન્દુ ધર્મમાં ખુબ મહત્ત્વનું સ્થાન છે. કંઈ કેટલાયે વીચારો, પુસ્તકો, ચીજો, સત્તાસ્થાન, વગેરે એક જગ્યાએ શોભે એટલે અન્ય જગ્યાએ પણ શોભે કે પ્રસ્તુત બને એવું હોતું નથી. બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા શોભે પણ નહીં, અને અપ્રસ્તુત જ બને. છેલ્લા બે અંકથી આ સવાલે આપણે ‘સત્યાન્વેષણ’ના સપ્ટે.-૨૦૧૨ થી જુલાઈ-૨૦૧૪ સુધીના અંકોમાં આ અંગે જે મીમાંસા થઈ હતી તેના સંદર્ભ લઈ અત્રે એ દર્શાવવાનો નમ્ર પ્રયાસ છે કે બીનસાપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતાને ભણાવી શકાય નહીં.

નવેમ્બર-૨૦૧૨ના ‘સત્યાન્વેષણ’ના અંકમાં દર્શાવ્યા મુજબ ગીતાના એકતાળીસમા શ્લોકનું સ્વામી પ્રભુપાદે જે ભાષાંતર કર્યું છે તે ચોંકાવનારું છે. ગીતા જણાવે છે કે વર્ણ બહારના પુરુષો સાથે સંભોગ કરનારી સ્ત્રીનાં જે બાળકો પેદા થાય છે તે ‘અવાંછીત’ બાળકો છે. આવાં બાળકોને કારણે એમનો પરીવાર અને તેની પારીવારીક પરંપરાઓ નાશ પામે છે ! તે બધાં નરકમાં જાય છે. અરે, આ જીવંત પરીવારના મરી ગયેલા પુર્વજો પણ અધઃપતન પામે છે કારણ કે એમને પીંડદાન મળતું બંધ થઈ જાય છે. પીંડદાન એટલે શ્રાદ્ધ ! શું બાળકોને વર્ણબહારના પુરુષો સાથેનો કોઈ એક મહીલાનો સંભોગ એટલે શું ? નરક એટલે શું ? અને પીંડદાન એટલે શું ? તે જણાવવાનું છે ?

બેતાળીસમા શ્લોકમાં વર્ણાશ્રમને મજબુત કરવાનો ઉપદેશ છે.

અધ્યાય-૨ ના શ્લોક-૩ નો પ્રભુપાદનો અનુવાદ સ્પષ્ટ જણાવે છે કે લડવા નહીં માંગતા અર્જુનને ગીતા દ્વારા નરસંહાર કરવા માટે કૃષ્ણએ ઉત્તેજના પુરી પાડી હતી. શું બાળકોને આપણે કહી શકીશું કે ગીતા નરસંહારનો ઉપદેશ આપતું પુસ્તક છે ? અધ્યાય-૨ ના શ્લોક-૧૮ ના ઉત્તરાર્ધનું ભાષાંતર કરતા પ્રભુપાદ જણાવે છે કે, ‘ઔષધી-વીજ્ઞાન એ તો સ્વીકારે જ છે કે શરીરની સર્વ શકતીઓનું ઉદ્‌ગમસ્થાન હૃદય છે.’ શું કીશોરોને આપણે આ કહી શકીશું કે ? જો હૃદય જ શકતીઓનું ઉદ્‌ગમસ્થાન હોય તો ઉપવાસને કારણે ખાલી થઈ જતા પેટને કારણે અશકતી કેમ આવે છે ? હૃદય શકતીઓનું ઉદ્‌ગમસ્થાન હોય તો સાબુત હૃદય હોવા છતાં લકવાગ્રસ્ત અંગ કામ કેમ કરતું નથી ?, અને શું ઔષધીશાસ્ત્ર

હૃદયની શકતી વીશે વીચારે છે કે ઔષધો વીશે ? આ બધા ગોટાળાના જાળાં કીશોરો સમક્ષ કેમ કેમ સ્પષ્ટ કરીશું ? આ જ શ્લોકમાં પ્રભુપાદ કૃષ્ણના મોંઢામાં આ વાકય મુકે છે.' 'અવીનાશી, અમાપ તથા સનાતન જીવનાં ભૌતીક શરીરનો નાશ અવશ્ય થાય છે, માટે હે ભારતવંશી, 'યુદ્ધ કર !' 'યુદ્ધ કર' એટલે શું ? એટલે એ કે માનવ કતલ કર ! શું કીશોરોને ગીતાના નામે આપણે એવું સમજાવીશું કે જીવ અવીનાશી હોવાથી એણે જે શરીર ધારણ કર્યું છે તેનો કોઈપણ માણસ ગમે ત્યારે નાશ કરી શકે ? એટલે કે, ખુન કરી શકે ? પ્રભુપાદનું આ તારણ બીનસાંપ્રદાયીક અને ન્યાયનું શીક્ષણ આપતી સંસ્થાઓમાં કેવી રીતે જણાવીશું ? આગળ વધીને, શું આવું જણાવવું જોઈએ ?

શ્લોક ૨૪ ની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે કે સુર્ય એક ગ્રહ છે અને ત્યાં જીવો નીવાસ કરે છે (!) શું કરીશું ? વીજ્ઞાનમાં અને તેમાંયે સુર્યમંડળની રચનામાં શીક્ષક ભણાવશે કે સુર્ય ગ્રહ નથી, એક તારો છે. એ અગનગોળો છે. એમાં કોઈ જીવ વસતો નથી- વસી શકતો નથી. ગીતાને ભણાવીશું ત્યારે શું એનાથી ઉલટુ ભણાવીશું ? ઉપરાંત, સાચું શું છે તે આપણે સૌ જાણીએ છીએ. સુર્ય એક ઝાંખો તારો છે. એનામાં કોઈ જીવ વસી શકતા જ નથી. શું શીક્ષકમાં એ કહેવાની હીંમત હશે કે તે વીદ્યાર્થીઓને જણાવે કે ગીતાની આ વાત ખોટી છે ? (ક્રમશઃ)

---

સામસામે ખોરવાતા તાલનો વાંધો હતો
મત મતાંતરનો નહીં, દીવાલનો વાંધો હતો
થઈ ગયા માણસ તરીકે આપણે એથી અલગ
ટીલું, ટપકું લઈને ફરતાં ભાલનો વાંધો હતો

**સુનીલ શાહ**

---

**સત્યશોધક સભાને દાન**

મુંબઈના મનોજ રાઠોડ, ગીરીશ પરમાર અને યોગેશ સોલંકી તરફથી રૂા. ૫,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**–વલ્લભભાઈ ઈટાલીયા**

# તમને અવકાશી ગ્રહો નહીં, પુર્વગ્રહો નડે છે

અશ્વીનભાઈએ લખેલ તમને 'અવકાશી ગ્રહો નહીં, પુર્વગ્રહો નડે છે' પુસ્તીકામાં સામાન્ય જનને અવકાશી ગ્રહોની બીનઅસરકારકતા અને પુર્વગ્રહોની અસરકારકતા ખુબ સરળતાથી સમજાવી છે. રેશનાલીસ્ટો પણ આ મુદ્દાને વધારે સરળતાથી સમજી શકે તેમ છે. બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતીએ એનું (મો. ૯૪૨૬૬ ૬૩૮૨૧, રૂ. ૪૦/-) પ્રકાશન કર્યુ છે. -સુ)

**કેટલાંક અવતરણો**

વીકાસશીલ દેશોમાં ભારતનો ક્રમ ૧૩૪મો છે. ઐહીક સમસ્યાઓનો ઉકેલ આધ્યાત્મીકતામાં શોધવાની આપણને કુટેવ પડી છે તેનું આ પરીણામ છે. ગ્રહદશામાં શ્રદ્ધા એ માનસીક રોગ છે. પરીસ્થીતી માટે જવાબદાર સાચાં કારણો શોધી તેનો ઉકેલ લાવવાને બદલે ગ્રહદશા, આત્મવંચના તરફ દોરી જાય છે.

આપણાં તમામ અનીષ્ટોનું મુળ ધાર્મીક ક્ષેત્રે પ્રવર્તમાન રુઢીઓ, કુરુઢીઓ, મીથ્યા કર્મકાંડો. આ મીથ્યા કર્મકાંડો, કુરુઢીઓ તથા મહાભ્રાંતીઓને ધર્માભાસ તરીકે ઓળખાવી શકાય.

પોતાના અનીશ્ચીત ભાવીના ભયના ઓથાર હેઠળ જીવતી આપણા દેશની ગરીબ અને રાંક પ્રજાને ધર્માભાસ તરફ સહેતુક વાળવામાં આવે છે કારણ કે તેનાથી પૈસો અને પ્રતીષ્ઠા બંને મળે છે. ધર્માભાસ અને તેમાંથી ઉત્પન્ન થતું ધર્મઝનુન આપણા મગજને વીકાસ કરવા માટે નવા વીચારો કરવા દેતું જ નથી.

* * *

જેમ પૃથ્વી ગ્રહ છે, તેમ મંગળ, બુધ, શની વગેરે પણ ગ્રહો છે. પૃથ્વીની જેમ આ બધા જડ અને અચેતન ગ્રહો છે. આપણે બધા પૃથ્વી પર રહીએ છીએ, અને આપણે કયારેય એમ વીચારતા નથી કે પૃથ્વી આપણને નડે છે અથવા તો આપણું કાંઈક અમંગળ કરી શકે તેમ છે. લોકમાનસમાં ઘર કરી ગયેલી સૌથી મોટી અને ખોટી માન્યતા એ છે કે ગ્રહો પ્રમાણેના મુહુર્તો કે ચોઘડીયામાં કે કુંડળી કઢાવીને કામ કરવાથી જીવનમાં આવતા અવરોધો દુર થાય છે, અને હાથમાં લીધેલ કાર્ય સફળ થાય છે.

* * *

છોકરા-છોકરીના ગુણ, કૌટુંબીક સંસ્કારો કે વાતાવરણના બદલે કુંડળી પર વધારે ભાર મુકવામાં આવે છે.

* * *

ગાંધીજી, નેહરુ, માલવીયા, તીલક, સુભાષચંદ્ર બોઝ, રાજેન્દ્રપ્રસાદ વગેરેની આગેવાની હેઠળ સ્વાતંત્ર્ય ચળવળમાં દેશપ્રેમનો જે જુવાળ ઉઠયો તેના કારણે આપણને સ્વાતંત્ર્યપ્રાપ્તી થઈ. સારા ગ્રહોનાં કારણે આપણને સ્વાતંત્ર્યપ્રાપ્તી થઈ એમ માનવાની શું આપણે મુર્ખામી કરવી ?

* * *

ડુંગળીનું એક પડ ઉખેડીએ તો નીચે બીજું પડ તૈયાર જ હોય તેવું બ્રહ્માંડનું છે. બ્રહ્માંડનું એક રહસ્ય હજુ વીજ્ઞાનીઓએ માંડ ઉકેલ્યું હોય, ત્યાં બીજું રહસ્ય તૈયાર ઉભું જ હોય.

* * *

ચંદ્રની સમુદ્ર પર થતી અસર એ ભૌતીક અસર છે અને બીજું કે દરીયાના સમગ્ર પાણી પર અસર થતી હોવાથી પાણી સામુહીક રીતે ખેંચાય છે. મનુષ્ય જીવન પર પણ જો તેની અસર હોય, તો એ ભૌતીક કે શારીરીક થવી જોઈએ અને બીજું એ કે અસર સામુહીક થવી જોઈએ. એક વ્યકતી પર એક અસર અને બીજી વ્યકતી પર બીજી અસર એવું કેવી રીતે બની શકે ? ઉપરાંત કોઈ વ્યકતીના લગ્ન કયારે થશે કે અને નોકરીમાં બઢતી મળશે કે નહીં કે એને પૈસા મળશે કે નહીં, એ બધા મુદ્દાઓનો ચંદ્ર સાથે શો સંબંધ હોઈ શકે ?

* * *

આપણે દરેક જાણીએ છીએ કે પૃથ્વી એક ગ્રહ છે. આપણે જોઈ, અનુભવી શકીએ છીએ કે પૃથ્વી જડ-અચેતન પદાર્થ છે. કોઈ આપણને એમ કહેતું નથી કે તમને પૃથ્વી નડે છે. ગ્રહ નડતરની બાબતમાં બુધ, ગુરુ, શની એવા ગ્રહોના નામ જ લેવામાં આવે છે. કોઈને મંગળ, તો કોઈને શની નડે છે. જો આ જ તર્ક સ્વીકારીએ તો પૃથ્વી પણ કોઈને નડતી હોવી જોઈએ. બુધ, શની વગેરે પદાર્થો પણ જડ પદાર્થ જ છે અને તેને માનવજીવન સાથે કોઈ સંબંધ હોઈ શકે જ નહી.

* * *

ગ્રહ શાંતી કરાવવાથી શું ગ્રહ સમજી જાય કે આ લગ્નજીવનમાં કાંઈ દખલ કરવાની નથી, તેટલા પ્રમાણમાં ગ્રહમાં સમજશકતી હોય છે ખરી ? માનવજાતને જે કંઈ સીદ્ધી પ્રાપ્ત થઈ રહી છે તે વૈજ્ઞાનીક શોધખોળો અને કુદરત પર વીજય મેળવવાથી મળેલ છે. તેમાં કાંઈ ગ્રહનો હીસ્સો નથી. અમારા એક મીત્ર રમુજમાં કહે છે કે ગ્રહશાંતીની નહીં, પણ ગૃહશાંતીની જરુર છે.

* * *

જીવનમાં પરીશ્રમ નહીં કરનારા, કોઈ ચમત્કારની અપેક્ષા રાખ્યા વીના સંજોગો બદલાવી શકે છે. તેને વશ કરી શકે છે અને પોતાના જીવનનું નીર્માણ કરી શકે છે. ગાંધીજી, સરદાર પટેલ, માઈકલ એન્જલો, નેપોલીયન, ગેલેલીયો, માઓ ત્સે તુંગ, સામ પીત્રોડા, નેલ્સન મંડેલા, ડો. આંબેડકર, સુભાષચંદ્ર બોઝ, નેહરુ, સ્વામી દયાનંદ, સ્વામી વીવેકાનંદ વગેરે મહાનુભાવોએ સ્વબળે રાષ્ટ્રનીર્માણમાં પોતાનું યોગદાન આપેલ છે, કોઈ કુંડળીના ભવીષ્યકથનના આધારે નહીં. તેમની જીવનપદ્ધતીના ઉદાહરણો યાદ રાખવા જેવાં છે.

આપણા જીવન પર ગ્રહો કોઈ પ્રભાવ જન્માવી શકતા નથી. કોઈ પણ બાબત અંગે આપણે નીર્ણય લઈએ તે અગાઉ તે વીશેની આપણી જાણકારી પુરેપુરી હોવી જોઈએ. ગુરુ ખુબ પ્રકાશમય ગ્રહ છે. આપણી પૃથ્વી જેવડી ૧૪૦૦ પૃથ્વીઓ સમાઈ જાય તેટલો મોટો ગુરુ છે. ગુરુ પર ૯૦% હાઈડ્રોજન અને ૧૦% હીલીયમ છે. ગુરુ ખુબ ઝડપથી પોતાની ધરી પર ફરે છે. ગુરુના દ્રવ્યનો ૭૫% ભાગ આ પડમાં રહેલો છે. ગુરુના કેન્દ્ર ભાગમાં પૃથ્વી પરના હવામાં દબાણ કરતાં ૧૦ કરોડ ગણું દબાણ છે. તેના કેન્દ્ર ભાગમાં તાપમાન ૩૫૦૦૦ અંશનું છે. ડો. ચીત્રેનું માનવું છે કે એક અબજ વર્ષમાં ગુરુના ગર્ભ ભાગમાં ઉષ્ણતામાન દોઢ કરોડ અંશનું થશે. જો આમ થાય, તો ગુરુ તારા તરીકે પ્રકાશશે.

* * *

વૈજ્ઞાનીકોના સંશોધનમાં એમ જણાયું કે યુરેનસ તેની ભ્રમણ કક્ષામાં યોગ્ય રીતે ફરવાના બદલે તેને કોઈ ખેંચતું હોય તેમ જણાતું હતું. ૧૭૮૧માં હર્ષલે યુરેનસની શોધ કરી. યુરેનસના ખેંચાવા માટે બળનું ઉદ્‌ભવસ્થાન કયાં હોઈ શકે તેની ગણતરી માંડીને દુરબીનથી નીહાળવામાં આવ્યું તો નેપ્ચ્યુન દેખાયો. આમ નેપ્ચ્યુનની શોધ ૧૮૪૬ માં થઈ. દુરબીનમાંથી નીહાળતા આ બંને ગ્રહો લીલા રંગના દેખાય છે. યુરેનસને ૫ ચંદ્રો અને વધારામાં વલયો છે. યુરેનસ અન્ય ગ્રહો કરતાં ઉંધી દીશામાં ફરે છે. નેપ્ચ્યુન પર હાઈડ્રોજન અને મીથેન હોવાનું જણાયું છે. નેપ્ચ્યુનને ૪ ચંદ્રો હોવાનું માલુમ પડયું છે.

* * *

‘ખગોળની ખુબીઓ’ નામના પુસ્તકમાં જણાવાયું છે કે આકાશમાં સુર્ય જે વાર્ષીક માર્ગે પસાર થતો દેખાય છે એને ક્રાંતીવૃત્ત કહે છે. પૃથ્વીના બરાબર મધ્યભાગે જે વૃત્ત પસાર થાય છે તે વીષુવવૃત્ત છે. આ વીષુવવૃત્તની સપાટીને આકાશને અડતી કલ્પીએ, તો જયાં એ આકાશને કાપશે ત્યાં એક મોટું આકાશીવૃત્ત બનશે, એ છે આકાશી વીષુવવૃત્ત. અને

આકાશી વીષુવવૃત્ત એકબીજાને બે બીંદુમાં કાપે છે. આ પૈકી એક બીંદુ વસંત સંપાત અને બીજું શરદસંપાત છે. ક્રાંતીવૃત્ત પર સરકતો સુર્ય ૨૧ માર્ચ વસંત સંપાત પર અને ૨૩ સપ્ટે.ના રોજ શરદ સંપાત પર આવે છે. આ બંને વખતે સુર્ય ક્રાંતીવૃત્ત તેમ જ વીષુવવૃત્ત પર હોય છે. સુર્ય હંમેશાં ક્રાંતીવૃત્ત પર જ સરકતો રહે છે. પણ ચંદ્ર તેમ કરતો નથી. એનો અવકાશી માર્ગ ક્રાંતીવૃત્તથી અલગ છે. ચંદ્રના માર્ગને ક્રાંતીવૃત્ત બે સ્થળે કાપે છે. આ બીન્દુઓના નામ રાહુ અને કેતુ છે.

* * *

આ બ્રહ્માંડમાં આવેલા તારાઓ કે ગ્રહો બીલકુલ શુષ્ક, અચેતન, નીર્જીવ, અને જડ પદાર્થો છે. આ ગ્રહો આપણા જીવન પર અસર કરતા હોવાની માન્યતા બીલકુલ ભ્રામક, ખોટી અને વજુદ વગરની છે. કોઈવાર કેટલાક જયોતીષીઓ 'તમારો શની વક્ર થયો છે અને તેથી તમારી સુખ સંપત્તીમાં વધારો થતો નથી.' કહીને ગ્રાહકને ગભરાવી મુકે છે. હકીકતમાં ખગોળશાસ્ત્રની દષ્ટીએ આ બાબતને સમજી લઈએ. પૃથ્વી પોતાની ધરી પર સુર્યની આસપાસ ફરતી હોય છે. જુદા જુદા ગ્રહો પણ પોતાની ભ્રમણ કક્ષામાં હોય છે, એટલે કયારેક એવું બની જાય કે પૃથ્વી અમુક સ્થાને હોય ત્યારે અમુક ગ્રહ વક્ર દેખાય. જેમ દીવસના ભાગમાં અમુક અમુક સમયે આપણો પડછાયો કયારેક ટુંકો, મધ્યમ કે લાંબો હોય છે, તે જ રીતે આ ભ્રમણકક્ષામાં કયારેક કોઈ ગ્રહ વક્ર દેખાય છે. બાકી વાસ્તવમાં કોઈ ગ્રહ વક્ર થતો નથી કે તેનાથી ગભરાવાનું કોઈ કારણ પણ નથી.

* * *

એમ કહેવાય છે કે દર વર્ષે આશરે ૫૦ મેગાટનની બોંબની તાકાતથી કોઈ ને કોઈ લઘુગ્રહ પૃથ્વી સાથે અથડાય છે.

* * *

મંત્રજાપ જેવા પ્રમાણમાં બીનહાનીકારક અને દોરા ધાગા અને કામણટુમણ જેવા તંત્રમંત્ર અને ટુચકાઓ જેવા અનુચીત અને કવચીત ઘૃણ્ય એવાં વીધીવીધાનો અસ્તીત્વમાં આવ્યા. અડદના પુતળા જેવા પ્રમાણમાં બીનહાનીકારક વહેમો સાથે પશુઓ અને માનવોનાં બલીદાનો જેવાં અનીષ્ટો પાંગરતાં ગયાં. કેટલીક પ્રજાઓમાં આવી. ક્રુર કે હીંસક એવી વીધીઓ હતી તે ભારતીય આમ સમાજ સુધી વીસ્તર્યા. જૈન અને બૌદ્ધધારાઓએ આ સામે પાળ બાંધી. શુદ્ધ જૈનદર્શન પ્રમાણે આ પ્રકારનું જ્યોતીષશાસ્ત્ર મીથ્યાશાસ્ત્ર બનાવ્યું. પરંતુ દુર્ભાગ્યે

આમ સમાજ પર આ બધી જ અંધશ્રદ્ધાઓની એટલી જબ્બર પકડ હતી કે જૈન યતીઓએ પણ રાજવી, શ્રેષ્ઠી અને આમવર્ગને આકર્ષવા જયોતીષ, તંત્રમંત્રાદીને સાધન બનાવ્યું.'

* * *

ગ્રહદશા અને ભાગ્યફળની અંધશ્રદ્ધાની પકડના કારણે આમ સમાજ ચમત્કારોમાં માનતો થઈ ગયો. શ્રી હસુ યાજ્ઞીક આગળ લખે છે કે, 'આમ શુદ્ધ આધ્યાત્મીકતા કે ધર્મની પરીશુદ્ધ એવી વીભાવનાના બદલે, ચમત્કારના તત્ત્વને, એના સ્થુલ અંગને જ પ્રાધાન્ય મળ્યું. શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વીવેકાનંદ કે આર્યસમાજના સંસ્થાપક દયાનંદને બાદ કરતાં મોટા ભાગના સાંપ્રદાયીક સંતો-મહંતોએ ચમત્કારના સ્થુલ અંશોનો જ ઉપયોગ કર્યો. પુષ્ટીમાર્ગની ગુજરાતમાં સ્થાપના થઈ અને પછીના તબકકે સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર થયો. તેમાં કૃષ્ણભકતી અને સંગીતાદી કલાઓ તથા જીવનાભીમુખ સદાચારીદીના મુલ્યો કારણભુત છે તે સાથે પરચાઓ પણ કારણભુત છે. ૨૫૨ વૈષ્ણવની વાર્તા કે શ્રીજીની એ પ્રકારની વાર્તાઓમાં ચમત્કાર અને પરચાનું પણ જે વર્ચસ્વ છે તે ઉઘાડું છે. ગુજરાત ક્ષેત્રે જલારામ અને ગુજરાત, મહારાષ્ટ્ર ક્ષેત્રે, કેટલાંક અંશે તો ભારત ક્ષેત્રે શીરડીના સાંઈબાબાની સંતવૃત્તી નોંધપાત્ર છે. પરંતુ એમને પ્રસાર પ્રચારનો લાભ મળ્યો તે સ્થુલ ચમત્કારો અને પરચાઓનાં કારણે, એ ભૂલવા જેવું નથી. આમ થયું તેમાં તે સંતોનું કોઈ જ કર્તવ્ય નથી. કેમ કે જલારામ બાપા અને શીરડીના સાંઈબાબા નીષ્કલંક અને ઉત્તમ સેવાધારી સંતો છે. પરંતુ તેમના પરચાઓ ચલાવ્યા તેમના અનુયાયીઓએ. એક વ્યવસ્થીત તંત્રરુપે પ્રજાની નાડ પારખીને. સૌરાષ્ટ્રના જે દેવીદાસ તથા અન્ય સંતો છે તે પણ નીષ્કલંક સેવાધારી સંતો છે. જેમણે કયારેય કોઈ સ્થુલ ચમત્કાર કર્યા નહોતા કે એને મહત્ત્વ પણ આપ્યું ન હતું. એમની સાધના ને કર્મનીષ્ઠા જ મોટામાં મોટા ચમત્કાર ગણાય તેવાં છે. પરંતુ તેમના પણ અનુયાયીઓએ ચમત્કારોને વણી લીધા. સંત જીવનની ઘટનાઓ અને એમાં રહેલા ચમત્કારો અને પરચાઓ આમ સમાજની મનોવૈજ્ઞાનીક પરીસ્થીતીમાંથી જન્મે છે. પરચાનું આગવું મનોવીજ્ઞાન છે. કોઈ સંતના જીવનની સર્વયોગ્યતા અને આદર્શમયતા પ્રજાના બૃહદ માનસપટમાં અંકીત થાય છે, ત્યારે એમની વીશીષ્ટ ઈમેજ પ્રજામાનસમાં બંધાય છે. પરચાઓ પ્રજાગત ઈમેજનું પ્રતીરુપ છે એને વાસ્તવીકતાના, શકયતા કે અશકયતાના સંભવ કે અસંભવના ધોરણે ચકાસવાના બદલે પ્રજામાનસના વીશીષ્ટ મનોદશાના અંગ તરીકે અભ્યાસવાં જોઈએ.' આમ ગ્રહદશા, ભાગ્યફળ, ચમત્કારો વગેરે એકબીજા સાથે સંબંધીત છે.

# બાહ્યાચારીઓના નુકસાનકારક દંભ

સુરતના સેન્ટર ફોર સોસીયલ સ્ટડીઝના સ્થાપક આઈ. પી. દેસાઈએ ભદ્ર લોકોના મુખ્ય બે ભાગ પાડયા હતા. એક રુઢીગત રીતે જીવતા લોકો, બે પશ્ચીમી શીક્ષણ પામેલા લોકો. રુઢીગત લોકોનું સમાજમાં ઓછું વજન પડે છે કારણ કે એમનું 'જ્ઞાન' સાંપ્રત અર્થકારણમાં, શીક્ષણમાં અને વહીવટમાં ઉપયોગી નથી. પશ્ચીમી શીક્ષણ પામેલા લોકોનું વજન પડે છે કારણ કે તેમનું 'જ્ઞાન' જીવનનાં વીવીધ ક્ષેત્રોમાં ઉપયોગી થઈ પડે છે. આ પશ્ચીમી 'જ્ઞાન' ધરાવનારામાં બે પેટા ભાગ છે. એક વૈધીક અને બીજું બાહ્યાચારી. વૈધીક પશ્ચીમી 'જ્ઞાન' ધરાવનારા વીશ્વને વૈજ્ઞાનીક મીજાજ અથવા તો અભીગમથી નીહાળે છે. જ્યારે બાહ્યાચારીઓ માન્યતાઓ, મુલ્યો, દષ્ટીબીંદુઓ, ટેકનોલોજી, અર્થકારણ, સંચાલન અને સમાજને લગતા ચોક્કસ વીચારોના ચશ્મે નીહાળે છે. વૈધીકોની સંખ્યા જુજ છે અને બાહ્યાચારીઓ વધારે છે. ભલે એમના આ પેટા-વીભાગો હોય પણ સમગ્રપણે પશ્ચીમ શીક્ષણ પામેલાઓ પ્રભાવક બન્યા છે, અને એવું માની લેવામાં આવ્યું છે કે તેઓ ભારતીય સમાજને પશ્ચીમી ઢબનો બનાવશે. આ માન્યતાની ખરાઈ કરવી પડે એમ છે. વાસ્તવમાં વૈધીક પશ્ચીમી 'જ્ઞાન' ધરાવનારા પાસે વૈજ્ઞાનીક મીજાજ ધરાવતું મગજ છે. બાહ્યાચારીઓ તો રુઢી અને અને અવૈજ્ઞાનીકતાથી ગ્રસ્ત છે. એના સાચા અર્થમાં એમણે પશ્ચીમીકરણ સ્વીકાર્યુ જ નથી. આથી પોતે પ્રગતીશીલ હોવાનો જે દાવો કરે છે તે પરત્વે સંશય જ થાય. આ સંશય એટલા માટે થાય કે તેઓના બદલાયેલા બાહ્યાવેશ એક દંભ દેખાય છે. એમનું જે બાહ્ય પશ્ચીમીકરણ દેખાય છે તે સાચુકલુ પશ્ચીમીકરણ નથી. એમના બદલાયેલા વેશ, રીતભાત, ખોરાક, જીવનશૈલીને પશ્ચીમીકરણથી જ સ્વીકારી શકાય નહીં. એડવર્ડ શીલ્સ નામનો ચીંતક એને 'બનાવટી પશ્ચીમીકરણ'થી ઓળખે છે. આ બાબતથી જેટલો લાભ થાય છે તેના કરતાં ઘણું વધારે નુકસાન થાય છે. આવા બાહ્યાડંબરી પશ્ચીમી વેશભુષાવાળા વાસ્તવમાં તો એમના પોતાનાં દષ્ટીબીંદુઓ, માન્યતાઓ અને મુલ્યોનાં શીકાર બનેલા હોય છે. એમના બાહ્યાડંબર મીજાજનો કોઈ પુરાવા આપતા નથી. એમના શીક્ષણ/તાલીમને કારણે તેઓ એમના ક્ષેત્રમાં કાબેલ હોય છે. આવા બાહ્યાડંબરીઓ એમની માન્યતા વગેરેના પ્રભાવ તળે વર્તતા હોય છે તેથી ભારતીય સમાજને ખુબ નુકસાન પહોંચે છે. એમને એમના જ ભાઈઓ/ભગીનીઓ પર કે જેઓ સમાજમાં નીમ્ન સ્તરે છે, વીશ્વાસ હોતો નથી.

આવા બાહ્યાડંબરી વર્ગમાંના સમાજશાસ્ત્રીઓમાં એકરુપતા હોતી નથી. એમની વચ્ચે વીચારધારાઓના ઘણા તફાવત હોય છે. આ બાબતમાં આઈપી સ્પષ્ટ કહે છે કે, ‘આવા બુદ્ધીજીવીઓની જમાત કદાચ બહુ મોટી છે.’ આપણું પશ્ચીમીકરણ પશ્ચીમકરણની સાચી વીચારધારાને પ્રતીબીંબીત કરતું જ નથી. આ પરીસ્થીતીમાં આપણે આપણા બુદ્ધીજીવીઓ અંદર સાચા અર્થમાં પશ્ચીમીકરણ લાવશે એવું સ્વીકારી શકાય નહીં. આવા બાહ્યાડંબરીઓ દેશનાં સત્તાકેન્દ્રો અને ત્યાં લેવાતા નીતીવીષયક નીર્ણયોની કયાં તો ખુબ નજીક હોય છે. અથવા એ લેવાતા નીર્ણયોના ભાગીદાર હોય છે. એમનું પશ્ચીમીકરણ બનાવટી છે તેથી તેઓ બહુ બહુ તો પોતાના નીર્ણયોને પશ્ચીમીકરણના વાઘા પહેરાવે. આઈપીનું કહેવાનું એ છે કે આવા બાહ્યાડંબરીઓ પેલા રુઢીગત પંડીતો કરતાં વધારે નુકસાનકારક બને છે.

**નોંધ :** આઈપીએ આ વીચાર તો આજથી ચાળીસ વર્ષ કરતાં પણ વધારે સમય પુર્વે દર્શાવ્યા હતા. આજે એમના એ વીચારો જાણે સો ટકા સચોટ આગાહી બની ગયા છે. આઈપી દેસાઈના ઓગણીસમા મેમારીયલ પ્રવચન પ્રસંગે સુર્યકાંત શાહના અધ્યક્ષ પદે યોજાયેલા કાર્યક્રમમાં આ વાતો કરતા જાણીતા શીક્ષણશાસ્ત્રી અને ચીંતક ડો. વીદ્યુત જોષીએ આથી જ આવા બાહ્યાડંબરીઓ વધતા જતા પ્રભાવ પરત્વે ચીંતા વ્યકત કરી હતી.

---

ઈશ્વરના મેં વાઘા જોયા
ત્યાં પણ દોરાધાગા જોયા

પાર વગરના છટકાં જોયાં
જ્યાં જ્યાં ટીલાં-ટપકાં જોયાં
દેખાવે તો એક જ લાગે
એમાં દસદસ માથાં જોયાં

ભીનું જેવું સંકેલાયું
ગંગાજળના ડાઘા જોયા

વીધવા સામે કંકુ કાઢે
અવતારી સૌ બાબા જોયા

**સુરેશ ઝવેરી**

# વર્ણવ્યવસ્થાનો ઝંડો શુદ્રોના હાથમાં

**–એન. વી. ચાવડા**

શુદ્ર એટલે હીંદુધર્મની વર્ણવ્યવસ્થાનું ચોથુ વર્ણ. ટુંકમાં કહીએ તો હીંદુધર્મમાં બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય સીવાયના જે લોકો છે તે શુદ્ર છે. શુદ્ર એટલે કોઈપણ પ્રકારના ફળની આશા રાખ્યા વીના ઉપરના ત્રણેય વર્ણોની સેવા-ચાકરી કરનાર વર્ગ એવો ગીતા અને મનુસ્મૃતી વગેરે અનેક ગ્રંથોનો આદેશ છે. ટુંકમાં શારીરીક શ્રમ કરનાર ખેડુતો, પશુપાલકો અને કારીગર જાતીઓ વગેરે શુદ્ર છે. ધ્યાનાર્હ બાબત એ છે કે આમાં અસ્પૃશ્યો (દલીતો), આદીવાસીઓ અને રખડતી-ભટકતી જાતીના લોકો શુદ્રમાં નથી આવતા. તેઓ વર્ણ બાહ્ય અથવા પંચમ એટલે કે પાંચમું વર્ણ કહેવાય છે. જયારે શુદ્રો વર્ણવ્યવસ્થા અંતર્ગત છે. જેનું સ્પષ્ટ પ્રમાણ એ છે કે બ્રાહ્મણો સોળ સંસ્કારની વીધીઓ કરાવવા માટે શુદ્રોને ત્યાં પણ જાય છે, વર્ણબાહ્ય અછુતો, આદીવાસીઓ અને વીચરતી-ભટકતી જાતીઓને ત્યાં જતા નથી.

આઝાદી પછી ભારતમાં ભારતીય બંધારણના અમલ દ્વારા વર્ણવ્યવસ્થાના થયેલા ધ્વંસ પછી વર્ણવ્યવસ્થાના પ્રચારનો ઝંડો કેટલાંક શુદ્ર વીદ્વાનોએ હાથ લઈ લીધો છે, કારણ કે પોતાના ઈતીહાસના અજ્ઞાનને કારણે આ શુદ્રો પોતાને સવર્ણ અને અસ્પૃશ્યો આદીવાસીઓને શુદ્ર માને છે. તેથી જયારે મનુસ્મૃતીની કે વર્ણવ્યવસ્થા કે બ્રાહ્મણવાદની ટીકા કરતુ કોઈ ચર્ચાપત્ર કે લેખ પ્રગટ થાય છે ત્યારે તરત જ તેની વીરુદ્ધમાં કોઈ સવર્ણનું નહીં પરંતુ શુદ્ર વીદ્વાનનું ચર્ચાપત્ર કે લેખ તરત જ પ્રગટ થતો જોવા મળે છે. કારણ કે આ શુદ્ર વીદ્વાનોને એ ઈતીહાસની ખબર નથી કે પોતે આજે ભણી-ગણીને જે વીદ્વાન બન્યા છે, અને નોકરી-ધંધો કરતા સાધનસંપન્ન બન્યા છે તેનું કારણ અંગ્રેજોનું શાસન અને ત્યારબાદના ઘડાયેલ ભારતીય બંધારણ છે. બાકી મનુસ્મૃતીએ તો શુદ્રોના શીક્ષણ ઉપર પ્રતીબંધ મુકીને તેમને પશુસમ બનાવ્યા હતા. મનુસ્મૃતીમાં શુદ્રો ઉપરના આવા પ્રતીબંધના અને દંડ વીધાનના કાયદા આજે પણ જોઈ શકાય છે. આજે બ્રાહ્મણો આ સત્ય સ્વીકારો છે, પરંતુ શુદ્રો સ્વીકારતા નથી, જે દર્શાવે છે કે વર્ણવ્યવસ્થાનો પ્રચાર આજે શુદ્રો કરે છે.

---

**તા. ૨ જી જુલાઈએ સત્યશોધક સભા, સુરતની અંબાબા ગર્લ્સ હાઈસ્કુલમાં સવારે ૯.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ સુધી રેશનાલીઝમ અંગે કાર્યશાળા યોજવાની છે. પ્રવેશ નીઃશુલ્ક છે. કાર્યશાળા પુરુ થયે ભોજન લઈને છુટા પડીશું. અતુલ પાઠકજી મો-97278 18391 અને સુનીલ શાહ મો.-94268 91670 પર તમારું નામ નોંધાવો.**

# સમાનતા વીરુદ્ધ અસ્પૃશ્યતા, એક અભીશાપ

**–ભગવાનજી રૈયાણી**

ગાંધીજીએ અસ્પૃશ્યતાને એક પાપ અને ભયંકર ગુનો ગણાવ્યો છે. આ ઝેરી સાપને જો ખતમ કરવામાં નહીં આવે તો હીન્દુત્વ ખતમ થઈ જશે. એમણે અસ્પૃશ્યોને હરીજન એટલે ઈશ્વરનાં બાળકો કહ્યાં. એમની સમાનતા અને પ્રગતી માટે તેઓ પોતાના સામયીકો, 'હરીજન', અને 'યંગ ઈન્ડીયા'માં સતત લખતા રહેતા.

ગાંધી અને આંબેડકર અસ્પૃશ્ય મંચ પર આવ્યા એના સાંઠેક વર્ષ પહેલાં એક અસ્પૃશ્ય માળી દંપતી જ્યોતીબા અને સાવીત્રી ફુલે ૧૮૫૭માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી ચુકયા હતા. અંગ્રેજો અને ૫૬૨ રાજાઓ વચ્ચે વહેંચાયેલ હીન્દુસ્તાનને ભારત નામ આપીને અત્યારે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યાં છીએ, પણ આપણું આ 'મહાન' ભારત ત્રણ હજાર જ્ઞાતીઓ અને પચીસ હજાર પેટાજ્ઞાતીઓમાં વીભાજીત છે. એને તાંતણે બાંધવાનો પ્રયાસ શું કોઈ નેતા કે મહાનેતાએ કર્યો છે ? આ વીઘટન સીંધુ સંસ્કૃતીના આર્યો અહીંના મુળ નીવાસીઓને ખદેડીને બેસી ગયા ત્યારથી શરુ થઈ ગયું છે.

૩૨૦૦ વરસ પહેલાં મનુ ભગવાને બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્રોના વર્ણાશ્રમ સ્થાપ્યો. એમાંથી પણ અતી શુદ્રોને તો અસ્પૃશ્ય બનાવી દીધા. એમને મંદીર પ્રવેશ નહીં, કુવેથી પાણી નહીં ભરવાનું, એમનો પડછાયો પણ ન લેવાય, ભુલથી અડી જવાય તો માથાબોળ સ્નાન કરવાનું, એમણે રસ્તામાં ચાલવા માટે ગળાની નીચે એક થુંકદાની બાંધવાની જેમાં એણે થુંકવાનું, મરેલા ઢોર ઉપાડી જઈને એને કાપીને જ માંસ ખાવાનું, નીશાળે જવાનું ? ના બાપા ના. ગામની બહાર એમનો વાસ.

ડો. ભીમરાવ રામજી આંબેડકર અછુત મહાર કોમમાં જન્મ્યા. સંઘર્ષમય ભણતર સાથે મેટ્રીક થયા. એમનું હીર પારખીને વડોદરાના મહારાજાએ એમને બ્રીટન અને અમેરીકા વધુ અભ્યાસ માટે મોકલેલા. ત્યાંની પીએચડી અને બેરીસ્ટરીની પરીક્ષાઓમાં ઝળકયા. શરત પ્રમાણે વડોદરા રાજયની નોકરી કરવા ગયા. અછુત હોઈને લોકોએ ઘર પણ ભાડે ન આપ્યું. પોતે હીન્દુ હોવા છતાં હીન્દુઓથી જ તરછોડાતા રહ્યા. દલીતો અને અછુતો માટે જીવન સમર્પીત કરવાનું પણ લઈને મહારાષ્ટ્રમાં પાછા ફર્યા. દલીતોદ્ધારની અહાલેક જગાવી. હજારો દલીતો સાથે ૧૯૨૭માં મહાડના એક તળાવને સાર્વજનીક કરાવવા માટે અને નાશીકના

રામમંદીરને સર્વજન માટે ખુલ્લું મુકાવવા માટે કુચ કરી. અંગ્રેજ શાસને પ્રતીબંધો હટાવવા માટેના કાયદા કર્યા, પણ સદીઓ જુની ભગવાન રામના પુર્વજ મનુએ શરુ કરેલ વર્ણવાદી પરંપરાને જડતાપુર્વક અનુસરતા સવર્ણ હીન્દુ સમાજે પોતાના જ પછાત હીન્દુ ભાઈઓને સામાન્ય પ્રવાહથી પણ દુર રાખ્યા.

જેમને અડી શકાય પણ જેમની સાથે રોટી-બેટીનો વ્યવહાર ન કરી શકાય અને કયારેક પછાત હોવાને અંગે એમને જાતીગત શબ્દો દ્વારા ધુત્કારવામાં આવતા હતા. એની સામે દંડ અને જેલ સુધીની સજા ફટકારવા માટે ૧૯૮૯ માં સરકારે શેડયુલ્ડ કાસ્ટ એન્ડ શેડયુલ ટ્રાઈબ (પ્રીવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એકટ બનાવ્યો. આવા અપમાનજનક વ્યવહારોની સામે પીડીત વ્યકતીઓએ પોલીસમાં એફઆઈઆર નોંધાવીને પોલીસ માટે ફોજદારી કેસો કરવાનું ચલણ વધી રહયું છે જે માનવ અધીકારના રક્ષણ માટેનું એક સુક્ષ્મ હથીયાર બની રહ્યું છે. આ માટેનું મહત્તમ શ્રેય ગાંધીજી અને આંબેડકરને જ આપવું ઘટે. આંબેડકરે તો આ ભયંકર ભેદભાવથી ત્રાસી જઈને ૧૯૫૬માં હજારો દલીતો સાથે હીંદુ ધર્મથી છેડો ફાડીને ‘બુદ્ધમ્ શરણમ્ ગચ્છામી’ કરી લીધું. એ જ વરસે તેઓ આ ફાની દુનીયાને છોડીને વીદાય થયા. તેઓ ગાંધીજીના તમામ આંદોલનોની વીરુદ્ધમાં હતા. તેઓ માનતા હતા કે અંગ્રેજોને સમજાવવાથી આઝાદી મેળવી શકાશે. તેઓ એ માટે વાઈસરોયની કાઉન્સીલમાં પણ જોડાયા. પ્રાંતીક ચુંટણીઓમાં ચુંટાવા માટે લડતા રહ્યા, અને હારતા પણ રહ્યા, પરંતુ ચુંટાવા-હારવા કરતાં પછાતો માટેની સમાનતા અને સન્માન એ ધ્યેય જ એમને માટે સીમાચીહ્ન બની રહ્યું.

ગાંધીજી દલીતો અને અછુતોને સામાન્ય પ્રવાહમાં ભેળવવા માટે જાગૃતી અભીયાન ચલાવતા રહ્યા. લેખો લખતા રહ્યા. ભાષણો કરતા રહ્યા, સાબરમતી અને સેવાગ્રામ આશ્રમમાં સવર્ણોની સાથે હરીજનોની ભરતી કરતા રહ્યા, અને એમની સામાજીક સ્વીકૃતી માટેની ઝુંબેશ ચલાવતા રહ્યા. બંધારણમાં આમેજ થયેલ પછાત વર્ગો માટેની અનામત, વી. પી. સીંહ સરકારે મંડલ કમીશનના અહેવાલ મુજબ્ ૧૯૯૦માં પાર્લામેન્ટમાં પાસ કરાવેલ ઓબીસી (અધર બેકવર્ડ કલાસ) માટે સરકારી નોકરીઓમાં ૨૭ ટકા રીઝર્વેશનની વધારાની કાયદાકીય જોગવાઈ અને આમ કુલ મળીને ૪૯ ટકા સુધીનું આરક્ષણ, એનો યશ માત્ર ફુલે દંપતી, ગાંધીજી, આંબેડકર અને વીશ્વનાથ પ્રતાપ સીંહ (વી. પી. સીંહ, વડા પ્રધાન ૧૯૯૦) ને જ

આપી શકાય. જ્યોતીબા અને ફુલે દંપતીએ શું વેઠયું છે ? સાવીત્રીતાઈ નવ વર્ષની ઉંમરે જ્યોતીબાને પરણ્યા. થોડા વર્ષ બાદ સાસરે આવ્યા. તેઓ તો તદ્ન અભણ હતાં. માળી જેવી અછુત જાતીમાં શીક્ષણ બહુ ઓછું. જ્યોતીબાના અભણ પીતાએ દીકરાને ભણાવ્યો અને દીકરાએ પત્નીને જાતે ભણાવીને શીક્ષીત કરી. એમણે કન્યા શીક્ષણ અને દલીત વર્ગને જાગ્રત કરવાનું મોટું કામ કર્યું. જયારે પુણેમાં એમણે કન્યાઓને ભણાવવાની શાળા ખોલી ત્યારે કટ્ટર વીરોધી તત્ત્વોએ જોરદાર વીરોધ કર્યો. સાવીત્રીતાઈ જયારે ઘરથી સ્કુલ સુધી ચાલતા જતા ત્યારે એમના પર બારીમાંથી એંઠવાડ ફેંકવામાં આવતો. શાળામાં તેઓ એક બીજી સાડી રાખતા, અને ખરડાયેલ સાડી બદલીને બીજી સાડી પહેરી ભણાવવા લાગતા. સમય જતાં લોકોએ એમને મહાત્મા જ્યોતીબા કહ્યા.

હમણાંની વાત કરીએ. દલીતે ચડતર મજુરી માંગી. એનો શેઠે હાથ કાપી નાંખ્યો, દલીત સ્ત્રીએ રાંધેલ ખોરાક ખાવાની ના પાડીને વીદ્યાર્થીઓએ કહ્યું કે એની નીયુકતી જ ખોટી રીતે થઈ છે. યુપીમાં એક જ કુટુંબના ચાર સભ્યોની હત્યા, કલ્યાણના આદીવાસીઓને દાયકાઓ પછી જાહેર શૌચાલયો મળ્યાં. એક ટ્રાઈબલ ગામને ૭૫ વરસે રોડ મળ્યો. ત્રણ જણને પોતાનો મળ ઉપાડવાની ફરજ પાડવા માટે ત્રણ વર્ષની કેદ, મધ્યપ્રદેશની એક છોકરી દલીત છોકરાને પરણી એની શુદ્ધી પ્રક્રીયા કરાવીને એને 'પવીત્ર' કરવામાં આવી. દસ જણાએ મળીને એક જણને મારી નાંખ્યો, મદુરાઈ કોર્ટે બધાને આજન્મ કેદની સજા કરી, આઠ જણે મળીને એક કીશોરને એમના પગ ચાટવાની ફરજ પાડી. પોલીસે એ બધાને તાબામાં લીધા. એક ચાર વર્ષના દલીત છોકરાને નામે કર્ણાટકના કોપ્પલ કસ્બામાં એના પરીવારનો બહીષ્કાર કરીને ગામ છોડવાની ફરજ પાડવાની સામે એ છોકરાને નામે સરકારે એક સ્કીમ કરી પણ એ પરીવાર પાછો ન ફર્યો. ઝારખંડના એક ગામમાં ચાર હરીજનો મરેલ ઢોરની ચામડી ઉતારતા હતા અને ટોળાએ આવીને એમને મારી નાખ્યા. એક-બે બાળકોની માને ચુડેલ સમજીને દલીતોના ટોળાએ અજમેર પાસેના એક ગામે એને નગ્ન કરી, ડામ દઈને મળ ખવડાવ્યું અને પછી મારી નાખી.

મને મારા ગામનું બાળપણ યાદ આવે છે. મારા પહેલા -બીજા ધોરણમાં એક દેશળ નામે હરીજન છોકરો ભણતો હતો. એને શીક્ષક બધાથી થોડે આઘે બેસાડતા. જેથી કલાસના વીદ્યાર્થીઓ અભડાઈ ન જાય. એની સાથે બીજા બાળકો બહુ વાત ન કરે. મા-

બાપોએ આવું શીખવ્યું હોય. પણ મને દેશળ ગમતો, અને એની સાથે કયારેક વાત કરતો. એનો પડછાયો પણ કેમ લીધો એમ કહીને મારી બા પાણી ભરેલ લોટામાં હાથ બોળી મારા પર છાંટ મારીને જ પછી ઘરમાં આવવા દે. બાળક તો જુઠું બોલે નહીં. એકવાર ભુલથી હું એને અડી ગયો, અને ડરતા ડરતાં બાને કહ્યું, 'આ લે ટુવાલ અને જા નદીએ, નાહ્યા વીના ઘરમા નહીં લઉ.' બાનો હુકમ છુટયો, અને મેં માથાબોળ 'શુદ્ધ' થવા માટે દોટ મુકી. પોણોસો વરસ પહેલાની આ એક છે સત્ય ઘટના.

## આંબેડકરનો સંકલ્પપત્ર

**–મોહનભાઈ પટેલ**

(૧) ડો. ભીમરાવ આંબેડકરને મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)ના બરોડા સ્ટેટમાં, ભારતની આઝાદી પહેલાં-જે કોઈ અસ્પૃશ્યતાના પ્રશ્ને સામાજીક-સાંસ્કૃતીક ઈત્યાદીના કારણે પણ હીન્દુત્વની કટ્ટરતાનો ભોગ બનવાથી નોકરી દરમ્યાન ખરાબ અનુભવો થયા.

વડોદરા (બરોડા)-સ્ટેટમાં શહેરમાં મકાન ભાડે રાખી રહેવાના પ્રસંગમાં કોઈ હીન્દુ કુટુંબે મદદ ન કરી અને એક પારસીએ મકાન ભાડે આપ્યું. બાદમાં ટુંકા સમયે ખાલી કરવુ પડયું-તે પણ એક કરુણતા-રુઢીચુસ્તતા અને ડો. આંબેડકરને અસ્પૃશ્યતાનો ભોગ બનવાથી ભારે હૃદયે વેદના ઠાલવવા માટે વડોદરા શહેર છોડતાં પહેલાં કમાટીબાગ ખાતેનો 'સંકલ્પ પત્ર' તા. ૨૩ મી સપ્ટેમ્બર-૧૯૧૭ ના દીને લખ્યો તે નીચે મુજબ છે.

**સંકલ્પ પત્ર**

જે ગરીબ સમાજમાં હું જન્મ્યો છું...તે સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ગુલામી યુકત અત્યાચારો હું દુર કરીને જંપીશ.

-ડો. બી. આર. આંબેડકર, વડોદરા, કમાટી બાગ

* * *

(૨) ભવીષ્યની ચીંતા છોડો - ભુતકાળને વાગોળવો નહીં. -ગૌતમ બુદ્ધ

(૩) જે મગજને શાંત રાખી શકે - તે જગતને જીતી શકે. -ગુરુ નાનક

(૪) વીવેકબુદ્ધીવાદ એટલે 'તર્ક, વીચાર અને અનુભવના આધારે ઈશ્વરનો વીરોધ અને સત્યને પારખવું તે.' (સામાન્ય માનવીની દ્રષ્ટીએ)

(૫) માનવીમાં રહેલા ભયને કારણે ઈશ્વરની કલ્પના સાકાર બની છે. -ચુક્રેટીયસ

**(અનુ. ટા. નં.–૨ નું)**

એમના એક મંત્રી રૈયાણી એમના વતન ગુંદામાં દર વર્ષે માતાજી માંડે છે એવા પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ બાબુ નસીત અને અન્ય લોકોની હાજરીમાં રૈયાણીએ પોતાના શરીર પર સાંકળ મારવાનું રાખ્યું હતું. યોજેલા ડાયરામાં નોટોનો વરસાદ વરસાવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજર રહેવાની આમંત્રણ પત્રીકામાં રૈયાણીએ પોતાને ભુવા તરીકે ઓળખાવ્યા હતા ! કોઈકની માન્યતાઓ અંગત બાબત છે, પરંતુ જ્યારે તે વ્યકતી જાહેર હોદ્દાઓ પર બેસી તેનું જાહેરમાં પ્રદર્શન કરે તે સમાજમાં વહેમ-અંધશ્રદ્ધા જાળવવા અને વધારવાનો સંદેશો ફેલાવે છે એ બાબત પરત્વે જાથાએ રૈયાણીનું ધ્યાન ખેંચ્યું હતું.

**(૩) કચ્છના ભચાઉના એસ. આર. પી. કેમ્પ**માં વીજ્ઞાન જાથાએ ‘અંધશ્રદ્ધા નીવારણ’ કાર્યક્રમ યોજયો હતો. પી.એસ.આઈ. એસ.કે.પટેલે સૌનું સ્વાગત કર્યું હતું. ડી.વાય.એસ.પી., એસ.એસ.બામણીયાએ વીજ્ઞાન જાથાની પ્રવૃત્તીઓ પરીવારોમાંથી અંધશ્રદ્ધા દુર કરવામાં ફાળો આપી રહી છે તેની નોંધ લીધી હતી. ઉદ્‌ઘાટક સેનાપતી સુ. સુધા પાંડેએ વૈજ્ઞાનીક અભીગમ તર્કને પ્રાધાન્ય આપે છે. તેથી તે જ સ્વીકારવા યોગ્ય હોવાનું જણાવ્યું અને પ્રશ્નોત્તરીમાં ભાગ લેતા જયંત પંડયાએ જણાવ્યું હતું કે ધર્મ, જાતી, ચામડીના રંગ જેવા ભેદભાવોથી ઉપર રહીને માનવવાદ, માનવ-માનવ વચ્ચે પ્રેમ-ભાતૃભાવ સ્થાપવા માટે જાથા આહ્‌વાન કરે છે. ત્યાર બાદ જાથાની ટીમે ચમત્કાર નીદર્શન કાર્યક્રમ યોજ્યો હતો.

* * *

## અનીશ્ચીતતા

તા. ૧૫-૪-૨૨ના ‘સત્યાન્વેષણ’ના પાના નં. ૧૯ પર હોકીંગના દર્શાવેલ એક વીચાર કે જે આપણા રેશનાલીસ્ટોના ‘કાર્ય-કારણ સંબંધ’ પરની ‘શ્રદ્ધા’ને પડકારે છે તેવો જ એમનો બીજો વીચાર પણ રેશનાલીસ્ટોની એક બીજી માન્યતાને પડકારે છે. આપણે રેશનાલીસ્ટો એમ માનીએ છીએ કે કુદરતના નીયમો નીશ્ચીત છે, અને અફર છે. બધું નીયમ પ્રમાણે જ ચાલે છે. આપણે એ નીયમોને સમજવાના છે. હોકીંગ જણાવે છે કે એવા નીયમોને સમજવાનો એમણે પ્રયત્ન કર્યો તો જાણવા મળ્યું કે કુદરતમાં ઘણી બાબતો નીશ્ચીત નીયમો પ્રમાણે ચાલતી નથી ! નીશ્ચીત નીયમોનો આધાર રાખી ચોકસાઈની અપેક્ષા રાખવામાં આવે છે તે અવાસ્તવીક છે.

**(વધુ ટા. નં.–૪ ઉપર )**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

**(અનુ. ટા. નં.–૩ નું)**

આંકડાશાસ્ત્રમાં જે યદચ્છતા (Ranolomness)નું સ્થાન છે. તેણે કુદરતે એના સર્જનકાળથી સ્વીકારી છે. હોકીંગ જણાવે છે કે ગમે તેટલા ચોકકસ આગાહી કરતા નીયમો શોધાય તો પણ કોઈ પણ નીયમ એવો બનવાનો નથી કે જે સંપુર્ણ વીશ્વસનીય  આગાહી કરી શકે. આથી જો સીદ્ધાંત અપનાવવા જેવો હોય તો તે 'અનીશ્ચીતતાનો સીદ્ધાંત ! (!) અપનાવવા જેવો છે. હોકીંગ કહે છે કે પોતે આ કોઈ નવી વાત કરતા નથી. છેક ઈ. સ. ૧૯૨૭ માં એક જર્મન વૈજ્ઞાનીક વર્નર હર્સનબર્ગ તરફથી આ સીદ્ધાંત આપણને મળ્યો જ છે.

આપણા દેશમાં કણ્વ રુષીના નામે ચરી ખાનારા એ નથી અણુના એક પણ લક્ષણનું વૈજ્ઞાનીક વર્ણન કર્યું કે નથી એ કણ (Particle) ને સમજાવી શકયા. સચરાચરમાં આ કણ લગભગ પ્રકાશની ગતીએ વીચરે છે. એની ગતી, દીશા અને સ્થાનને કોઈપણ નીશ્ચીત નીયમથી બાંધી શકાતા નથી. જાણે ।એ સ્વેરવીચરી હોય તેવી રીતે સચરાચરમાં ઝુમે છે. જે કોઈ વૈજ્ઞાનીક એનો વર્ષો સુધી અભ્યાસ કરે અને તેની ગતી-વીધીને લગતો ચોકકસ નીયમ બનાવે એ શકય જ નથી. કણ સચરાચરનો પાયો છે એની ગતી-વીધીમાં જ જો અનીશ્ચીતતા હોય તો સમગ્ર કુદરત માટે બધું જ નીયમબદ્ધ છે અને ચોકકસ છે એ કહેવું જરા વધારે પડતું છે. હોકીંગ કહે છે કે અમુક બાબતોમાં નીશ્ચીતતા અને ચોકસાઈ જાણી શકાય હોય તેથી એનો અર્થ એ નથી નીકળતો કે બધું જ નીશ્ચીત અને ચોકકસ છે. આ અનીશ્ચીતતા અને અચોકસાઈને જો આપણે બરાબર પસમજવા'નું રાખીએ તો આપણે કુદરતને વધારે સારી રીતે સમજી શકીશું.

---

તું તને ખુદને નડે એમાં શની રાહુ કે મંગળ શું કરે ?
જાત સાથે તું લડે એમાં શની, રાહુ કે મંગર શું કરે ?
એક જ્યોતીષે કહ્યું કે ઝાડનો સારો સમય છે તે છતાં
પાંદડાં થોડા પડે એમાં શની, રાહુ કે મંગળ શું કરે ?

**શૌનક જોષી**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક  અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે  અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**